ફોજદારી કેસ દાખલ તારીખ : ૨૦-૦૭-૨૦૧૮

ફોજદારી કેસ રજી. તારીખ : ૨૦-૦૭-૨૦૧૮

ફોજદારી કેસ ફેસલ તારીખ : ૦૬-૦૭-૨૦૨૬

સમયગાળો : વર્ષ-૦૭/માસ-૧૧/દિવસ-૧૭

**<u>છોટાઉદેપુરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ</u>**

**<u>મુકામ : છોટાઉદેપુર</u>**

ફોજદારી કેસ નં. ૬૦૨/૨૦૧૮

આંક

શ્રી સરકાર ફરીયાદી

વિરૂધ્ધ

દીપકભાઇ જીવાભાઇ રાઠવા આરોપી

ઉ. વ. ૨૦

રહે. ગામ મીઠીબોર, તા. જી. છોટાઉદેપુર

**<u>ગુનો - ઈ. પી. કો. ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ</u>**

<u>ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એમ. જે. પટેલ</u>

<u>આરોપી પક્ષે વિ. વ. શ્રી આર. જે. રાઠવા</u>

**<u>ઠ રા વ</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, હાલના આરોપીએ ગઇ તા. ૨૮/૦૧/૨૦૧૮ ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના સુમારે મોજે મીઠીબોર દીપકભાઇ જાદવભાઇ કુમાર છાત્રાલયમાં ફરીયાદી તથા સાહેદ અલ્કેશભાઇને ગમે તેવી ગાળો બોલી કપડા ધોવા બાબતે બોલાચાલી કરી ડાબા પગના સાથળ ઉપર તથા બરડાના ભાગે લાકડી મારી છાતી પર મુઢ માર મારી સાહેદ અલ્કેશભાઇની ડાબા હાથની આંગળી ઉપર લાકડી મારી ઇજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી નાશી જઇ ઈ. પી. કો. ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જેની ફરીયાદ ફરીયાદીએ કરતા હાલના આરોપી સામે ઉપરોકત કલમ મુજબની ફરીયાદ છોટાઉદેપુર પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૩/૨૦૧૮ થી કરવામાં આવેલ અને આ ચાર્જશીટ રજુ થતા તેને ફો. કે. નં. ૬૦૨/૨૦૧૮ આપવામાં આવેલ છે.

(૨) આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થતાં અદાલત સમક્ષ આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ, ફરીયાદી પક્ષના આક્ષેપો અનુસાર ગુન્હાની વિગતે આરોપી સામે આંક ૩ થી તહોમતનામું ફરમાવી આંક ૪ થી પ્રાથમિક જવાબ નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) અહી ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનાં આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

(અ) ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો

(CW 1) આંક ૬૬ થી ફરીયાદી નિલેશભાઇ નારસીંગભાઇ રાઠવાની જુબાની

(CW 2) આંક ૪૮ થી સાહેદ સંજયભાઇ માધુભાઇ રાઠવાની જુબાની

(CW 3) આંક ૪૯ થી સાહેદ દિનેશભાઇ થાવલાભાઇ રાઠવાની જુબાની

(CW 4) આંક ૫૦ થી સાહેદ કિશનભાઇ પારલીયાભાઇ રાઠવાની જુબાની

(CW 5) આંક ૫૧ થી સાહેદ કૈલાશભાઇ નંદુભાઇ રાઠવાની જુબાની

(CW 6) આંક ૫૨ થી સાહેદ મહેશભાઇ કેશલાભાઇ રાઠવાની જુબાની

(CW 7) આંક ૫૩ થી સાહેદ વીરસીંગભાઇ વેસતાભાઇ રાઠવાની જુબાની

(CW 8) આંક ૫૪ થી સાહેદ ભરતકુમાર જુવાનસીંગ રાઠવાની જુબાની

(CW 9) આંક ૬૮ થી સાહેદ અલ્કેશભાઇ જાબલાભાઇ રાઠવાની જુબાની

(બ) ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો

(CW 1) આંક ૬૭ થી ફરીયાદ

(CW 2) આંક ૪૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ

(૪) આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ વિશેષ પુરાવો રજુ રાખવા માંગતા ન હોવાની આંક ૬૯ થી કલોઝીંગ પુરશીશ રજુ રાખેલ છે. આમ હાલનાં કામે ફરીયાદ પક્ષે વિશેષ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

(૫) ઉપરોકત વિગતોએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ. પ્રો. કો. ક. ૩૧૩ અન્વયે આરોપીના વિશેષ જવાબ નોંધતા ઈન્કારીયતનો બચાવ લઈ તેઓ સામે ખોટો કેસ કરેલ છે તેવુ આરોપીએ જણાવેલ છે. બલ્કે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ, સદર કામનું ઉપ્લબ્ધ રેકર્ડ વંચાણે લીધુ તેમજ સદર કેસનાં ફરીયાદ પક્ષે રજુ કરેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

ધ્યાને લીધા તેમજ વિ. એ. પી. પી. શ્રી એમ. જે. પટેલ તથા આરોપી તરફે વિ. વ. શ્રી આર. જે. રાઠવા ની દલીલ સાંભળેલ છે.

(૬) ઉકત વિગતોએ ફરીયાદ પક્ષનાં કેસના નિર્ણય તેમજ નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, હાલના આરોપીએ ગઇ તા. ૨૮/૦૧/૨૦૧૮ ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના સુમારે મોજે મીઠીબોર દીપકભાઇ જાદવભાઇ કુમાર છાત્રાલયમાં ફરીયાદી તથા સાહેદ અલ્કેશભાઇને ગમે તેવી ગાળો બોલી કપડા ધોવા બાબતે બોલાચાલી કરી ડાબા પગના સાથળ ઉપર તથા બરડાના ભાગે લાકડી મારી છાતી પર મુઢ માર મારી સાહેદ અલ્કેશભાઇની ડાબા હાથની આંગળી ઉપર લાકડી મારી ઇજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી નાશી જઇ ઈ. પી. કો. ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબના છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

(૮) કા ર ણો

મુદ્દા નં. ૧

(૮.૧) આંક ૬૬ થી ફરીયાદી નિલેશભાઇ નારસીંગભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૨૮/૧/૨૦૧૮ ના રોજ હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે દિપકભાઈ જીવાભાઈ સાથે મારે ઝઘડો થયેલો અને તે વખતે ઝઘડો થતા છાત્રાલયના ઘણા બધા છોકરા ભેગા થઈ ગયેલા અને ધક્કામુક્કી પડી જવાથી મને તથા અલકેશભાઈને શરીરે નાનીમોટી ઈજાઓ થયેલી. જેથી મે બનાવની ફરીયાદ આપેલી હોવાનુ જણાવી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક ૬૭ થી રજુ રાખી વધુમાં જણાવે છે કે, બનાવમાં મને કોઈએ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી. બનાવમાં મને કોઈએ ધાકધમકી આપેલ હોય તેવુ પણ બનેલુ નહી.

(૮.૨) આંક ૪૮ થી સાહેદ સંજયભાઇ માધુભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી કે પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૩) આંક ૪૯ થી સાહેદ દિનેશભાઇ થાવલાભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી કે પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૪) આંક ૫૦ થી સાહેદ કિશનભાઇ પારલીયાભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૫) આંક ૫૧ થી સાહેદ કૈલાશભાઇ નંદુભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી કે પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે,

બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૬) આંક પર થી સાહેદ મહેશભાઇ કેશલાભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી કે પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૭) આંક ૫૩ થી સાહેદ વીરસીંગભાઇ વેસતાભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી કે પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૮) આંક ૫૪ થી સાહેદ ભરતકુમાર જુવાનસીંગ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ માં હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે કોઈ મારામારીનો બનાવ બનેલો હોય અને તે મે જોયેલો હોય તેવુ મને યાદ નથી. તે વખતે અમારા મિત્ર નિલેશની સાથે કોઈએ મારામારી કરેલી હોય તેવુ પણ હુ જાણતો નથી કે પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હુ કહી શકુ નહી તેમ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ બન્યો ત્યારે હુ બનાવ સ્થળે હાજર ન હોવ મે બનાવ જોયેલ ન હોય તેથી મને બનાવની કોઈ જાતમાહિતી નથી.

(૮.૯) આંક ૬૮ થી સાહેદ અલ્કેશભાઇ જાબલાભાઇ રાઠવા પોતાની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા. ૨૮/૧/૨૦૧૮ ના રોજ હુ દિપક છાત્રાલય મીઠીબોર રહીને અભ્યાસ કરતો હતો તે વખતે મારા મિત્ર નિલેશભાઈ

સાથે દિપકભાઈ જીવાભાઈએ ઝઘડો કરેલો અને તે વખતે ઝઘડો થતા છાત્રાલયના ઘણા બધા છોકરા ભેગા થઈ ગયેલા અને ધક્કામુક્કી પડી જવાથી મને તથા નિલેશભાઈને શરીરે નાની મોટી ઈજાઓ થયેલી. જેથી નિલેશભાઈએ બનાવની ફરીયાદ આપેલી હોવાનુ જણાવી બનાવમાં મને કોઈએ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી તેમ  જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી. બનાવમાં મને કોઈએ ધાકધમકી આપેલ હોય તેવુ પણ બનેલુ નહી.

(૯) આમ ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદો પોતાની જુબાનીમાં ફરીયાદ પક્ષને સર્મથન આપતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ હોઈ તેઓની જુબાની આધારે હાલનાં આરોપીને હાલનાં ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહી. તેમજ આંક ૬૬ થી ફરીયાદી નિલેશભાઇ તથા આંક ૬૮ થી સાહેદ અલ્કેશભાઇ પોતાની જુબાનીમાં પોતાને ધક્કામુક્કીમાં પડી જવાથી શરીરે નાની મોટી ઈજાઓ થયેલી હોવાનુ જણાવી ઉ. ત. માં જણાવે છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી કે બનાવમાં કોઈએ ધાકધમકી આપેલ હોય તેવુ પણ બનેલુ નહી.

(૧૦) આમ સમગ્ર કેસમાં પડેલ પુરાવો ધ્યાને લેતા હાલના આરોપીએ ગઇ તા. ૨૮/૦૧/૨૦૧૮ ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના સુમારે મોજે મીઠીબોર દીપકભાઇ જાદવભાઇ કુમાર છાત્રાલયમાં ફરીયાદી તથા સાહેદ અલ્કેશભાઇને ગમે તેવી ગાળો બોલી કપડા ધોવા બાબતે બોલાચાલી કરી ડાબા પગના સાથળ ઉપર તથા બરડાના ભાગે લાકડી મારી છાતી પર મુઢ માર મારી સાહેદ અલ્કેશભાઇની ડાબા હાથની આંગળી ઉપર લાકડી મારી ઇજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી નાશી જઇ ઈ. પી. કો. ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાની હકીકત જણાવેલ છે. જે ઉપર ચર્ચા કર્યા મુજબ દસ્તાવેજી પુરાવા તથા ફરીયાદી તથા સાહેદોની જુબાની આધારે પુરવાર થતી નથી જે પુરવાર થવી અતી મહત્વની છે. તેજ રીતે આરોપીએ હાલનો ગુનો કરેલ હોવા અંગે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ રાખવામાં આવેલ પુરાવારુપી સાંકળની તમામ કડી એકબીજા સાથે પુરાવારુપી સંકળાયેલ નથી. જે સાંકળ થવી જરૂરી છે. આ તમામ હકીકત અને સંજોગો ધ્યાને લેતા હાલનાં આરોપીને ગુનામાં સંડોવતા કડીબધ્ધ, સર્મથનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપી વિરૂધ્ધનો

હાલનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય તેમ ન હોઇ મુધ્દા નં. (૧) નો જવાબ નકારમાં ઠરાવી મુધ્દા નં. (૨) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **આખરી હુકમ**

(૧) હાલનાં દીપકભાઇ જીવાભાઇ રાઠવાને ક્રિ. પ્રો. કો. ક. ૨૪૮(૧) અન્વયે ઈ. પી. કો. ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષા પાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનાં આરોપીએ ક્રિ. પ્રો. કો. ક. ૪૩૭(ક) મુજબ અપીલ સમય સુધીનાં રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂ. પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૬ ઠી, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૭/૨૦૨૬
છોટાઉદેપુર

(આસીફ મોહંમદહબીબ મેમણ)
જી જે ૦૧૨૫૧
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર